# કાવ્ય–ગઝલ

–જયશ્રી મર્ચન્ટ–

## .1.

## બસ એક જ કવીતા..!

બસ એક જ કવીતા..!
એક એવી સાંજ હશે, જ્યારે હું લખીશ,
બસ, એક કવીતા, પહેલી અને છેલ્લી..!
બસ, એક જ કવીતા…!
મારા અંતીમ શ્વાસ લેવાય તે પહેલાં,
લખવી છે મારે એક કવીતા…!
..ને, હું જોયા કરું છું શુન્ય નજરે, સંધીકાળના ખુલ્લા રેશમી આકાશમાં…!
આ રમતીયાળ વાદળોની ચાંદીના રંગમાં રંગાઈને લખું હું, કે પછી…
સમી સાંજના આછી આછી ઠંડકની શાલ ઓઢીને, શરમાતી, મલપતી ચાલે,
ગરીમાથી આથમતા આ સોનેરી તડકાને આકંઠ પીને લખું?
આંખો થઈ જાય છે બંધ, અચાનક અને
સોનેરી તડકાને આકંઠ પી ગયેલી,
શાંત, સાવ શાંત, ઝગમગાટ તેજવલયમાં આવરાયેલી હું,
રમતીયાળ વાદળોની ચાંદીના રંગને માથાથી પગ સુધી ઓઢીને સુતી છું..!
શાંત, સાવ શાંત, કોઈ અધુરપ કે કોઈ પણ કમી અનુભવ્યા વીના..!
બસ, એક કવીતાની, પહેલી અને છેલ્લી કવીતાની પણ..!

## .2.

## એક ટીપું આંસુનું.....!

આંખથી અનાયાસે ખરી પડેલાં આંસુને
પોતાની ચાંચમાં ઝીલવા,
કોઈક ચાતક ક્યાંક તો ઉભું જ હશે ....!
બસ, એ એક ભ્રમમાં હું તો વહાવતી રહી, આંસુનો મહાસાગર...!
ને હવે,
જ્યારે ચાતકની પ્યાસ લઈને કોઈ ઉભું છે ત્યારે,
સુકી મરુભુમી અને કોરાધાકોર, વાદળહીન આ આકાશનેય આંટી દે,
મારી આ હ્રદયભુમીને ઈલેક્ટ્રીક ડ્રીલરથી ખોદી કાઢે તોયે,
ટપકશે નહીં એક ટીપું આંસુનું.....!

## .3.

## એકરુપ....!

હું દર્પણની સામે ઉભી રહું છું અને,
અરીસો ખોલવા માંડે છે,
પ્રતીબીંબોના તાકા ને તાકા...!
મને થવું છે એકરુપ કોઈ એક પ્રતીબીંબ સાથે...!
પણ,
અગણીત પ્રતીબીંબોના ઉખેળાતા જતા આ તાકા ને તાકાની વચ્ચે,
વીસ્મયથી, ઉભી રહીને હું વીચારી રહી છું,
આ બધામાંથી કોની સાથે હું એકરસ થઈને એકરુપ થાઉં....?

## .4.

## સાતમું સ્થાન....!

ઠરી ગયેલા તડકાને અગ્નીની વેદીમાં સ્થાપીને,
ફરેલા સાત ફેરા અને સપ્તપદીને સહારે સહારે,
આપણે તો વીતાવી દીધું
ધોમધખતા સહરા જેવું લગ્નજીવન..!
જન્માક્ષરનાં બાર ખાનાંમાં
પગથીયાંની રમત રમતા ગ્રહો તો
હંમેશાં હાથતાળી દઈને છટકતા રહ્યા છે...!
કદાચ, જળતત્ત્વોના ગ્રહો પણ
આપણા સાતમા, લગ્નજીવનના સ્થાનમાં આવીને
સળગી તો નહીં ઉઠતાં હોયને...!

## .5.

## હવે તો....!

ફોડવું પડશે, બધુંયે તોડવું પડશે હવે તો!
આયનાઘરને જ લ્યો, છોડવું પડશે હવે તો!

ને દીશાઓ બદલવી જો નથી આ હાથમાં તો,
રાહના મુખને જ મારે મોડવું પડશે હવે તો..!

આવનારી ને ગઈ કાલો ફરીયાદો જો બને તો,
આજનું આવરણ મારે ઓઢવું પડશે હવે તો.!

મેં ચહેરા સાથ જોને પ્રતીબીંબો ખોઈ નાખ્યાં!
ખુદ મને મારે, પછી ક્યાં શોધવું પડશે હવે તો!

ક્યાં નસીબોને અહીં આંબી જવુંયે છે સહેલું!
બંધ આંખે પાછળ એની દોડવું પડશે હવે તો!

.6.

## હથેળીમાં...!

ચીમળાયેલા સમયને પણ વસાવ્યો હથેળીમાં,
ઉકેલવા એની સળ, ઘસું છું રેખાઓ હથેળીમાં!

ખરેલાં પર્ણો પર નીરવ ચાલવાની છે શરત,
તો લો, ચાલો હવે પકડીને પડછાયો હથેળીમાં!

રાહ તારી ચાતકની જેમ આજીવન જોયા કરી!
જો, વસી ગયાં પ્રતીક્ષાનાં પોલાણો હથેળીમાં!

છે આ શંકા કે શ્રદ્ધા, એ કહેવું તો મુશ્કેલ છે!
કહે છે, ઘર કરી ગયાં અહીં, ભાગ્યો હથેળીમાં!

આંસુ બનેલાં સપનાં ઝીલ્યાં શું આ હથેળીમાં!
ને ‘ભગ્ન’ ગઝલનો જન્મ ઉજવાયો હથેળીમાં!

## .7.

## આવે છે

લઈ પથ્થરો હાથોમાં લોક ભલેને મારવા આવે છે,
જોવું છે, ક્યારે ખુદ ઈશ્વર મને ઉગારવા આવે છે!

દુ:ખની અવીરત વર્ષાને આહ, પહાડો જેવડી જીન્દગી,
જોઈએ, ક્યારે કૃષ્ણ આ ગોવર્ધનને ધારવા આવે છે!

ખેલ જ છે અંતે તો ઉધારની આવરદાનો આ જગમાં,
હો જો આયુષ્ય બાકી, તો, તરણુંયે તારવા આવે છે.

ઓઢીને તડકો ઝાકળ પોઢે છે શી શાંતીથી, લે, જોને!
રાત્રીમાં તો ચંદ્રમા શું, ઝાકળને જ રમાડવા આવે છે?

વીખરાયેલા કેશ લઈ ક્ષીતીજોની પાર તાક્યા જ કરું,
જોઈએ, છે કોઈ? જે આ ઝુલ્ફો સંવારવા આવે છે!

'ભગ્ન' દીલથી માગી લે ને, ખુદા દઈ દેશે ગુનાની માફી;
કબર મહીં બીજું કોણ અહીં બોજો વેંઢારવા આવે છે!

## .8.

## દીધું છે...!

ગમતાંને બસ ગમતું દીધું છે,
ક્યાંયે બીજે નમતું દીધું છે?

આ રીસાવું સમજાણું જ નહીં,
મેં તો એક જ ફુમતું દીધું છે!

જાન દઈ મારો, છું હું તો ખુશ,
મુજથી જ બધું બનતું દીધું છે.

સાથ નથી એ માનું શી રીતે?
ભાગ્ય તેં અણગમતું દીધું છે.

'ભગ્ન' અર્થ એમાં છે જ ક્યાં?
દીલ તો મેં અમથું દીધું છે!

**.9.**

## ઘરના છે….!

એકવાર પણ મળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!
ને ફરી પાછા વળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!

આમ તો સપનાં રોજ ઘર જ સમજી આંખોમાં આવે છે!
ને, છતાં એ જ ફળ્યાં નહીં ને કહે પાછા કે ઘરના છે..!

કેટલાં વરસ હજુ વીતશે, વાટ જોતાં આવી રીતે તો?
રાહ જોતાં ટળવળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!

રોમરોમે મને ઓળખે છે જ એ દાવાઓ છો કરતાં,
ને છતાં મન જ કળ્યાં નહીં ને કહે પાછા કે ઘરના છે!

ગઝલમાં થોડું જીવી લઉં છું, હવે છે શું બાકી 'ભગ્ન'?
ઘરના જ સંગ ભળ્યા નહીં ને કહે પાછા કે ઘરના છે!

.10.

## શબ્દોય રુશવતખોર નીકળ્યા...

કદી આ કોરથી, તો એ કદી પેલે કોર નીકળ્યા,
અવાજોના જ પડછાયા હવે ચારેકોર નીકળ્યાં.

અમારાં આંસુઓ રોકવા શક્ય તો ન બન્યું પણ;
તમારાં નયનો તોય સાવ કોરાં ધાકોર નીકળ્યાં!

બસ થયું ને ન કહ્યું આગળ અમે તો કશું બીજું,
કહેવું શું, બધા શબ્દોય રુશવતખોર નીકળ્યા!

અમે થોડાં જ વાતોમાં અમસ્તાં આવી જતે એની?
ઉલાળા એની આંખોના જ જો મસ્તીખોર નીકળ્યાં!

કરીએ શું હવે જ્યારે શરમ, સપનાં સાવ મુકીને...!
મને છોડીને ખુલ્લેઆમ મારી જ સમોર નીકળ્યાં!

જયશ્રી મર્ચન્ટ

સર્જક–સમ્પર્ક :
730- Saltillo Place, Fremont, California-94536-USA
Phone : 510-209-4920 eMail : jayumerchant@gmail.com

facebook : https://www.facebook.com/jvmerchant?fref=ts

સંકલન : કવીમીત્ર શ્રી સુનીલ શાહ

@@@

'સન્ડે ઈ.મહેફીલ' – વર્ષ : બારમું – અંક : 358 – 02 October, 2016

'ઉંઝાજોડણી'માં સાભાર અક્ષરાંકન : શ્રી સુનીલ શાહ sunilshah101@gmail.com

&&&

More than 3,27,34,000 Gujarati Language lovers have visited

http://www.gujaratilexicon.com

More than 65,20,000 have visited Digital Bhagwadgomandal

http://www.bhagwadgomandal.com

More than 8,73,000 have visited Lokkosh

http://lokkosh.gujaratilexicon.com

More than 3,84,000 have visited Global-Gujaratilexicon

http://global.gujaratilexicon.com

@@@@@@@@@